પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ
૩(ત્રણ) ટકા કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી.
તા.૦૧/૦૬/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) માર્ગ અને મકાન વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ- ટીએનસી /૧૦૮૮/આઇબી/૧૮/૧૩/સ, તા.૩૧/૦૮/૧૯૯૪

(૨) માર્ગ અને મકાન વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી. તા.30-0૭-2020

(૩) મીનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ એકસપેન્ડીચર, પ્રોકયોરમેન્ટ પોલીસી ડીવીઝન, ઓફિસ મેમોરેન્ડમ નં.એફ/૯/૪/૨૦૨૦/પીપીડી, તા.૧૭/૧૧/૨૦૨૦

આમુખ:

અનુસંધાનિત પરિપત્ર (૧) થી સિકયોરીટી ડીપોઝીટ માટે કરાર કરતી વખતે ૫ (પાંચ) ટકા પર્ફોમન્સ બોન્ડ બેન્ક ગેરંટી સ્વરૂપે, ૨.૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ એન.એસ.એસ. અથવા નર્મદા બોન્ડ સ્વરૂપે તેમજ ૨.૫ ટકા રકમ ઇજારદારશ્રીના રનીંગ બીલમાંથી કાપવાનું ઠરાવવામાં આવેલ છે.

કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને સરકારને મળેલ વિવિધ રજુઆતોને ધ્યાનમાં લઇ સરકારી કામ કરતાં ઇજારદારોની નાણાંકીય પ્રવાહીતતા વધે, તે માટે વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ઠરાવથી પ્રગતિ હેઠળના કામોમાં ૨.૫ ટકા સિકયોરીટી ડીપોઝીટ અને ૨.૫ ટકા પર્ફોમન્સ બોન્ડની રકમ જમા રાખી બાકીની સિકયોરીટી ડીપોઝીટ તથા પર્ફોમન્સ બોન્ડ કામની પ્રગતિના સપ્રમાણમાં છુટા કરવાનું ઠરાવેલ હતું. ભારત સરકારના નાણા મંત્રાલયના સંદર્ભ (૩)ના ઓફિસ મેમોરેન્ડમને ધ્યાને લઇ હાલની પ્રવર્તમાન કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ:

(૧) હયાત તમામ કરારો માટે પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની કુલ ૭.૫ ટકા રકમ પૈકી ૩ ટકા રકમ રાખી બાકીની રકમ ઇજારદારને તેમની પસંદગી પ્રમાણે પરત કરવાની રહેશે. સમગ્ર કરારના સમયગાળા દરમ્યાન આ પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ ૩ ટકાથી વધારવાની રહેશે નહી. જો ખાસ કિસ્સામા પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકાથી વધારવાની થાય તે સ્થિતિમાં ટેન્ડર મંજુર કરનાર અધિકારીની કક્ષાથી એક કક્ષા ઉપરના અધિકારી અથવા સરકારના સચિવશ્રી પાસે વધારાની પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની જરૂરીયાત માટે મંજુરી મેળવી લઇ શકાશે.

(૨) જે ઇજારદાર ધ્વારા આર્બિટ્રેશન કેસ/ કોર્ટ કેસ દાખલ કરેલ હશે/તે બાબતે વિભાગને નોટીસ આપેલ હશે, તે ઇજારદારને ઉપરોકત લાભ આપવાનો રહેશે નહી.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં માંગવાના થતાં ટેન્ડર્સ, માંગી લેવામાં આવેલ ટેન્ડર્સ અને આખરી કરવામાં આવેલ ટેન્ડર માટે પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટની રકમ ૩ ટકા રાખવાની રહેશે. આવા કિસ્સામાં ઇજારદારની પસંદગી પ્રમાણે ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ જમા લેવાની રહેશે.

(૪) અગાઉ તા.૩૦-૭-૨૦૨૦ના સમાનાંકી પત્રથી ઇજારદાર ધ્વારા ભરવામાં આવેલ સીકયોરીટી ડીપોઝીટ રકમનાં ૨.૫ ટકા તથા પર્ફોમન્સ બોન્ડના ૨.૫૦ ટકા રકમ જમા રાખ્યા બાદ બાકીની રકમ ઇજારદારને પરત કરવા સૂચના પરિપત્રીત કરેલ હતી. આ પ્રમાણે કુલ ૫ ટકા રકમ જમા રાખી બાકીની રકમ પરત કરેલ હોય તેવા કિસ્સામાં ઇજારદારની પસંદગી પ્રમાણે ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ/સીકયુરીટી ડીપોઝીટ જમા રાખવાની રહેશે.

(૫) ઉપરોકત પધ્ધતિએ જે કામોના કરાર માટે પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ ૩ ટકા કરેલ હોય તે સમગ્ર કરારની અવધિ દરમ્યાન માન્ય રહેશે. કરારની અવધિ તા.૩૧-૧૨-૨૦૨૧ બાદ માન્ય રહેતી હોય તો પણ ઉપરોકત પધ્ધતિએ પર્ફોમન્સ બોન્ડ/સીકયોરીટી ડીપોઝીટ ૩ ટકાથી વધારવાની રહેશે નહીં.

(૬) ઇજારદાર ધ્વારા ૩ ટકા પર્ફોમન્સ બોન્ડ ડીપોઝીટ રાખવામાં આવે તે કિસ્સામાં પર્ફોમન્સ બોન્ડ સમયસર રીન્યુ કરવામાં આવશે તે પ્રમાણે ઇજારદારની બાંહેધરી મેળવી લેવાની રહેશે.

(૭) ઇજારદારના રનીંગ બીલમાંથી ૨.૫ ટકા રકમ સિકયોરીટી ડીપોઝીટ તરીકે કાપવાની જોગવાઇ યથાવત રાખવામાં આવે છે.

(૮) આ પરિપત્રથી ફ્રી મેઇન્ટેનન્સ ગેરંટી/ડીફેકટ લાયેબીલીટી/ મેઇનટેનન્સ પીરીયડ માટે જમા રાખવા પાત્ર રકમમાં કોઇ ફેરફાર કરવાનો રહેશે નહી.

આ પરિપત્ર સમાનાંકી ફાઇલ પર નર્મદા અને જળ સંપતિ વિભાગ અને નાણા વિભાગની સંમતિ મેળવીને કરવામાં આવેલ છે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજપરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

<u>નકલ રવાના:-</u>

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી તરફ જાણ સારુ.
(૨) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.
(૩) મા.મંત્રીશ્રી (ન.જ.અને પા.પુ. અન કલ્પસર વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૮) એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૧ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯
(૯) એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૨, રેસકોર્સ, રાજકોટ.
(૧૦) એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઇ) રેસકોર્સ, રાજકોટ.
(૧૧) ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઇ) પાંચમો માળ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯
(૧૨) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. (અલગ પત્ર ધ્વારા)
(૧૩) સર્વે અ.ઇ.શ્રીઓ/મા.મ.વિ./પંચાયત મા.મ.વર્તુળ/રા.ધો.મા.મ.વર્તુળ/રા.મા.યોજના વર્તુળ/પા.યોજના વર્તુળ/એ.વે.વર્તુળ/ વિદ્યુત વર્તુળ સહિત.
(૧૪) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.
(૧૫) નિયામકશ્રી, ગેરી વડોદરા.
(૧૬) મેનેજીગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર.
(૧૭) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ સે.-૧૦, ગાંધીનગર
(૧૮) નિયામકશ્રી, ઉપવન બગીચા, ગાંધીનગર.
(૧૯) નાણાંકીય સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૦) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત) મા.મ.વિ. સચિવાલય, ગાંધીનગર.
(૨૧) સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૨૨) સીલેકટ ફાઇલ સી-શાખા. ૨૦૨૧